સંદેશ, પાના નંબર :- ૦૫.
તારીખ :- ૨૦/૦૩/૨૦૨૬.

### ક્રિકેટના ક્રેઝના કારણે AMTS, કેબ સર્વિસ, બાઈક, રિક્ષાચાલકોને ધૂમ કમાણી

# T-૨૦ ફાઈનલ મેચ જોવા લોકોની પહેલી પસંદ મેટ્રો, રૂ.૧૦.૪૫ લાખની આવક થઈ

## રેલવેએ ૧૨ સ્પે.ટ્રેન દોડાવી દોઢ કરોડની આવક કરી, એરલાઈન્સોએ દોઢા-બમણાં ભાડાં વસૂલ્યા

| અમદાવાદ |

અમદાવાદમાં યોજાયેલી આઈસીસીની ટી-૨૦ ફાઈનલ મેચ અમદાવાદ મેટ્રો, રેલવે, ફ્લાઈટો, ખાનગી બસો-વાહનોને આવકની દ્રષ્ટિએ જબ્બર ફળી હતી. પશ્ચિમ રેલવેએ મેચને લઈને ૧૨ સ્પેશિયલ ટ્રેનો દોડાવીને ૧૫,૦૦૦થી વધુ મુસાફરોને સવલત આપી દોઢ કરોડની આવક કરી હતી. જ્યારે ફાઈનલ મેચના દિવસે ૧,૬૧,૯૫૯ મુસાફરોએ મેટ્રોની મુસાફરી કરી હતી. જેના થકી મેટ્રોને પણ ૧૦.૪૫ લાખની આવક થઈ હતી. શહેરની મ્યુનિ. પરિવહન સેવા, કેબ સર્વિસમાં ઓટો, બાઈક, ટેક્સીએ પણ રવિવારના દિવસે ધૂમ કમાણી કરી હતી. વિવિધ એરલાઈન્સે પણ તકનો લાભ લઈ દોઢા-બમણા ભાડાં વસૂલી કમાણી કરી લીધી હતી.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટી-૨૦ની કુલ ૬ મેચો રમાઈ હતી. જેના થકી મેટ્રોની રૂ.૫૦ની કિંમતવાળી સ્પેશિયલ પેપર ટિકિટ ૭૩,૭૩૬ નંગ વેચાઈ હતી. જેના થકી કુલ ૯.૩૨ લાખ મુસાફરોએ મુસાફરી કરતા મેટ્રોને ૬ દિવસની કુલ ૩૬.૮૬ લાખની આવક થઈ હતી. બીજા બાજુ રેલવે પણ અમદાવાદ માટે દિલ્હી, મુંબઈ, દાદર, બાન્દ્રા ટર્મિનસ સહિતના સ્થળોએથી વધારાની ટ્રેનો દોડાવી, એક્સ્ટ્રા કોચ જોડી મુસાફરોના ધસારાને પહોંચી વળવા પ્રયાસો કર્યા હતા. વિવિધ એરલાઈન્સોએ દેશના વિવિધ ભાગોમાંથી ૧૭ એક્સ્ટ્રા ફ્લાઈટો ઉડાવી હતી.

### ફાઇનલ મેચ દરમિયાન ૪૦ દર્દીઓની તબિયત બગડી

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મોટેરા ખાતે ફાઇનલ મેચ દરમિયાન કેટલાક પ્રેક્ષકોને ડિહાઇડ્રેશન, ચક્કર આવવા, ઉલટી-ઉબકા, બીપી વધઘટ થવા સહિતની શારીરિક તકલીફો થતા તાત્કાલિક મેડિકલ સહાય આપવી પડી હતી. સ્ટેડિયમમાં મેડિકલ કેમ્પ હોવાથી તેમજ ૬ જેટલી ૧૦૮ની ઇમરજન્સી વાન હોવાથી પ્રેક્ષકોને તાત્કાલિક, સમયસર સારવાર મળી ગઈ હતી. આવા કુલ ૪૦ દર્દીઓને ઇમરજન્સી સેવા ૧૦૮ દ્વારા સારવાર આપવામાં આવી હતી.